# પરિષદ-પ્રમુખનો પત્ર

## સર્જકીય શબ્દની પ્રાંજલતાને અશેષ રાખવાની મથામણ

ગુજરાતી સાહિત્યમાં હજી સુધી એવી સ્થિતિ તો આવી લાગતી નથી કે લેખક-કવિ કેવળ સાહિત્ય દ્વારા પોતાનો અને કુટુંબનો જીવનનિર્વાહ કરી શકે. કવિ નર્મદને પણ સરસ્વતીને ખોળે માથું મૂક્યા પછી નોકરી કરવાનો સમય આવ્યો હતો અને તેને તેનું ઘણું દુઃખ હતું. તેના ઉદ્‌ગારો આ પ્રમાણે નોંધાયેલા છે : 'અમે કવિરાજ મટીને હવે કવિદાસ બન્યા !' નર્મદના સમય પછી તો ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે ઘણું પરિવર્તન આવ્યું છે છતાં મૂળભૂત સ્થિતિ ઝાઝી બદલાઈ નથી. કેટલાંક વર્ષો પહેલાં કવિ વિપિન પરીખે આ ભાવાર્થની એક કાવ્યપંક્તિ લખી હતી : 'જો મને એક કવિતા લખવા બદલ પાંચ રૂપિયાનો પુરસ્કાર મળતો હોય તો મારે માસિક ખર્ચ કાઢવા માટે એક મહિનામાં કેટલી કવિતાઓ લખવી પડે ?!' આજે કદાચ એક કવિતાનો પુરસ્કાર સામયિકો તરફથી બહુ બહુ તો રૂપિયા પચ્ચીસથી રૂપિયા એકસો સુધીનો મળે છે અને મોંઘવારી તો કવિ-લેખકોને પણ સ્પર્શે જ. આથી લેખનપ્રવૃત્તિ હજીયે સાહિત્યકારો માટે ગૌણ અને બીજી કશીક પ્રવૃત્તિ અર્થોપાર્જન માટે મુખ્ય બનાવવી પડે છે. અલબત્ત સાહિત્યપ્રસારના બીજા કેટલાક નવા માર્ગો ઊઘડ્યા છે પણ ગુજરાતી પ્રજાનો વાચનરસ, જે હતો તેનાથીયે ઓછો થયો છે તેવી ફરિયાદ વ્યાપક છે.

પ્રશ્ન એ ઊઠે કે કવિ, લેખકની સાહિત્યપ્રવૃત્તિ અને બીજી વ્યાવસાયિક પ્રવૃત્તિ વિશે પૂરું સામંજસ્ય સાધી શકાય ? જેઓ તબીબ, અર્થશાસ્ત્રી, ઇજનેર વગેરે તરીકે સક્રિય છે તેઓને કદાચ આવી અસમંજસતા બહુ બેઠવી નહીં પડે. તબીબો કાવ્યસર્જન પણ કરતા હોય તેવા દાખલાઓ મોજૂદ છે. સ્વર્ગસ્થ કવિ મનોજ ખંડેરિયા વકીલાત કરતા હતા. સ્વર્ગસ્થ કવિ રમેશ પારેખે ક્યાંય સુધી જિલ્લા પંચાયતમાં કારકુની કરી હતી. આવા સર્જકો પોતાની દ્વિવિધ પ્રવૃત્તિઓને પ્રમાણમાં આસાનીથી વિભાજિત કરી શકે, પરંતુ શિક્ષક, અધ્યાપક કે પત્રકાર તેઓના વ્યવસાયમાં એક યા બીજી રીતે શબ્દ સાથે કામ પાડે છે અને આપણા સંખ્યાબંધ સાહિત્યકારો આ વ્યાવસાયિક ક્ષેત્રે પણ કાર્યરત છે. આથી પોતાની દ્વિવિધ શબ્દચર્યાને જે-તે ક્ષેત્રમાંના વિનિયોગ માટે પ્રમાણસર સુસજ્જ રાખવી એ બહુ સરળ નથી જ. શિક્ષકોની કામગીરી હવે વર્ગખંડમાં છાત્ર-છાત્રાઓને ભણાવવા પૂરતી મર્યાદિત રહી નથી. ઉત્તરવહીઓ તો તેઓ પહેલાં પણ તપાસતા હતા. પરીક્ષા-સંચાલનમાં પણ તેઓની શામેલગીરી ખરી જ, પણ હવે શિક્ષણ ક્ષેત્રે ઇતર પ્રવૃત્તિઓનો મહિમા ઘણો વધ્યો છે, આથી થોડીઘણી લેખનશક્તિ, સાહિત્યરુચિ કે સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજનની ફાવટ ધરાવતાં શિક્ષક-શિક્ષિકાઓને તે ક્ષેત્રે પ્રવૃત્ત થવું જ પડે છે. એકપાત્રી કે એકાંકી નાટક માટે વિદ્યાર્થીઓને સ્પર્ધાના હેતુથી તેવી કૃતિઓ લખી આપવી, સમૂહગીત સ્પર્ધા માટે તેવાં ગીતોની રચના કરવી વગેરેમાં તેઓની ખાસ્સી શબ્દશક્તિ પ્રયોજાય છે. તે પછી તેઓની પાસે શબ્દ-સંવેદનનું જે ભાથું બચે તે તેઓએ શુદ્ધ સાહિત્યસર્જન માટે પ્રયોજવું પડે છે. એક જ માધ્યમના વિવિધ વિનિયોગ માટે એકસરખા સાધનને પ્રયોજવા જતાં સર્જનક્ષમતાને કદાચ આંચ આવે પણ ખરી. અધ્યાપકોને વર્ગખંડને લગતી પ્રવૃત્તિઓ ઉપરાંત પરિસંવાદો, ગોષ્ઠિઓ ઇત્યાદિ માટે ઘણી તૈયારી કરવી પડે છે. તેનાથી તેઓનો સ્વાધ્યાય નિઃશંક વધી શકે, પણ સર્જનક્ષમતાને કદાચ વેઠવાનો વારો આવે. આમેય કેટલાક અધ્યાપકો ઉપર નિરુદ્યમીપણાનું આળ ક્યારેક મુકાય છે. પત્રકાર માટે એકસાથે બે અશ્વો પર ઉતાવળે સવારી કરવાનાં ભયસ્થાનો ઓછાં નથી. પત્રકારત્વને ભલે 'ઉતાવળે લખાયેલું સાહિત્ય' કહેવાયું હોય, પણ ઉચ્ચ કક્ષાના સાહિત્યસર્જનને પત્રકારીય ઉતાવળ કરતાં સર્જકીય ધૃતિની વધારે અપેક્ષા અને ગરજ રહે.

આ પરિસ્થિતિમાં સર્જક માટે, પછી તે શબ્દસંલગ્ન, વ્યાવસાયિક પ્રવૃત્તિમાં ગળાડૂબ રહે કે શબ્દેતર પ્રવૃત્તિઓમાં, પણ તેને માટે સાહિત્યના શબ્દની પ્રાંજલતા –વર્જિનિટી – ને અખંડ રાખવા અર્થે પ્રાણપણે ઝૂઝવાનું અનિવાર્ય ઠરે.

સુરત

તા. ૧૪-૯-૨૦૧૧

**ભગવતીકુમાર શર્મા**